**PRODUCE BY VIPUL DESAI**

**http://suratiundhiyu.wordpress.com/**

**desaivm50@yahoo.com**

**SPEAKERS ON PLEASE**

પહેલાં ઈશ્વર પ્રાપ્ત કરો. પછી ધન કમાઓ. આથી ઊલટું કરવાની કોશિશ ન કરો. જો આધ્યાત્મિકતા પ્રાપ્ત કર્યા પછી તમે સાંસારિક જીવન ગાળશો તો તમે મનની શાંતિ કદી નહીં ગુમાવો. શ્રી રામકૃષ્ણ પરમહંસ

મનુષ્યનું જીવન શ્રદ્ધા અને વિવેકથી ચાલે છે. વિવેક ન હોય, પરંતુ શ્રદ્ધા હોય તો બીજાના વિવેકથી લાભ ઉઠાવી શકાય છે. બીજાના વિવેકથી લાભ ઉઠાવવાની યોગ્યતાનું નામ 'શ્રદ્ધા' છે. સ્વામી અખંડઆનંદ સરસ્વતી

જેની સિદ્ધિનો આધાર બીજા ઉપર છે,
તેવું કર્મ કદી ન આરંભો. પણ જેની
સિદ્ધિનો આધાર પોતાની જાત પર જ છે
તે કર્મ અવશ્ય આરંભો. ભગવાન મનુ

http://suratiundhiyu.wordpress.com/

માણસ, નિશ્ચિત આકાર અને ઈન્દ્રિયોના
સમુહના સજીવ ઢીંગલા ઢીંગલી એ
માણસ નહીં પણ પોતાના મૂળ સુધી
પહોંચવાનો પ્રયત્ન કરી તેને ઓળખી,
તેનો અહર્નિશ આભાર માનતાં જીવંત
મંત્રો એ જ માણસ ! ડૉ. ભરત મિસ્ત્રી

http://suratiundhiyu.wordpress.com/

પહેલા તો આપણે શું મેળવવું છે , આપણું ધ્યેય શું છે, તે શોધી કાઢવું જોઈએ અને પછી ત્યાં જલ્દી કઈ રીતે પહોચી શકાય એ માટે નો રસ્તો શોધી કાઢવો જોઈએ . ક્યાં જવું છે એ નક્કી કર્યા વગર તો ઘાણી નો બળદ જ ચાલે છે.

સુખ પતંગિયા જેવું ક્ષણિક છે એની પાછળ પડો એટલું વધારે દોડાવે; પણ જો તમારૂં ધ્યાન બીજી બાબતોમાં પરોવશો તો આવીને હળવેથી તમારા ખભા પર બેસી જશે.–કવિ કલાપી

http://suratiundhiyu.wordpress.com/

સમર્થ માટે કોઈ વસ્તુ ભારે નથી,
વ્યવસાયીને કોઈ પ્રદેશ દૂર નથી,
વિદ્વાનો માટે કોઈ વિદેશ નથી અને
પ્રિય વાણી બોલનાર માટે કોઈ
પરાયું નથી.–ચાણક્ય

http://suratiundhiyu.wordpress.com/

ભગવાને આપણને ઘણું સુખ આપ્યું છે. જે દુ:ખનો ઈલાજ નથી તે યાદ કરીને દુ:ખી થવા કરતાં ઈશ્વરે જે સુખ આપ્યું છે તે માટે તેનો પાડ માનીએ.–સરદાર પટેલ

http://suratiundhiyu.wordpress.com/

એક મહાપુરુષે પોતાના ઓરડામાં પાટિયું માર્યું હતું અને તેમાં લખ્યું હતું કે નિયમમાત્ર બહુ જ સાદા અને સમજી શકાય એવી ભાષામાં લખાયેલા હોય છે પણ એમનું રોજ પાલન કરવું એ જ અઘરામાં અઘરું કામ છે.

માણસ ઈશ્વરની ‘એસેટ્સ’ છે. યાદ રહે, માણસને કદાચ ઈશ્વર વિના પરવડી શકે, પરંતુ ઈશ્વરને માણસ વિના કદી ચાલવાનું નથી. અબજોપતી શેઠિયો તેના નોકર-ચાકર વિના લાચાર બની જાય છે !

દરેક પુસ્તકને બે કિંમત હોય છે. એક તેના પુઠાં પર છપાયેલી હોય છે અને બીજી, વાંચતી વેળાએ વાચકોના દિલમાં અંકાતી હોય છે. ઘણીવાર પુસ્તકોનું પુંઠું પાકું હોય છે પણ અંદરનું લખાણ કાચું હોય તેવા પુસ્તકો ઉધઈ સીવાય કોઈનો ઉધ્ધાર કરી શકતાં નથી.

http://suratiundhiyu.wordpress.com/

માનવીનાં સત્કાર્યો તેને મૃત્યુ પછીય જીવાડે છે. દુષ્કર્મો જીવતે જીવ મારી નાખે છે. દેશનાં અનેક શહેરોમાં 'મહાત્મા ગાંધી' માર્ગ છે. 'દાઉદ ઈબ્રાહિમ' માર્ગ જોવા નહીં મળે ! કોઈ યુનિવર્સીટીનું નામ 'ગોડસે યુનિવર્સીટી' હોય એવું સાંભળ્યું છે ?

http://suratiundhiyu.wordpress.com/

જીવનનાં સર્વ સુખો પૈસામાં સમાયાં નથી. પૈસા ન હોવાનાં કેટલાંક સુખો હોય છે. મોંઘવારીનો આંક ગમે એટલો ઊંચો જાય, ભિખારીઓને તેની ચિંતા હોતી નથી. એમને ત્યાં ઈન્કમટૅક્સની રેડ પડતી નથી. એમનાં સંતાનો વચ્ચે પ્રોપર્ટીના ઝઘડા થતા નથી. પેટ્રોલ કે રાંધણગેસ મળતાં બંધ થઈ જાય તોય એમનું રુંવાડુંય ફરકતું નથી. આવી નિરાંત હોવા છતાં માણસ ભિખારી બનવાનું પસંદ કરતો નથી. આળસુ માણસ પણ કદી એવી પ્રાર્થના કરતો નથી કે, 'હે પ્રભુ ! મેં મન, વચન અને કર્મથી તારી ભક્તિ કરી હોય તો મને ભિખારી બનાવજે !' ભિખારી બનવા માટે ઈશ્વરની મહેરબાનીની જરૂર નથી. ઘણી બાબતોમાં માણસ સ્વાવલંબી હોય છે.

http://suratiundhiyu.wordpress.com/

સુખી થવાનો સહેલામાં સહેલો રસ્તો એ જ છે બીજાને સુખ આપવું. ગામમાં આવેલી વાવમાં જઈને આપણે બોલીએ કે 'તુ ચોર છે' તો શું પડઘો આવે ? 'તું ચોર છે' આ સાંભળવું ગમશે ? ના. તો પછી શું બોલવું જોઈએ ? 'તુ રાજા છે.' તેવો જ અવાજ આવશે. આથી સાબિત થાય છે કે દુ:ખ આપવાથી, તેના પડઘા સ્વરૂપે આપણને દુ:ખ જ મળે છે. અને તે ન ગમતું હોય તો આપણે આપણે બીજાને સુખ આપવું, તેથી તેના પડઘા સ્વરૂપે આપોઆપ આપણને સુખ પ્રાપ્ત થાય. મોટામાં મોટો કોઈ ધર્મ હોય તો તે માનવ ધર્મ છે. માનવધર્મ એટલે આપણને જે ના ગમતું હોય તે બીજાને ના આપવું. જેમ કે દુ:ખ. જીવમાત્રને સુખ આપવું તે ધર્મ છે.

દરેક માએ દીકરીઓને હવે જયાપાર્વતી વ્રતને બદલે જુડો-કરાટેના વર્ગમાં તાલીમ આપવાનો આગ્રહ રાખવો જોઈએ. એકવીસમી સદીમાં પ્રવેશી ચુક્યા પછીય સ્ત્રી આટલી અસલામત હોય તો એને સંસદમાં સ્થાન મળે તે કરતાં સમાજમાં સલામતીભર્યું સ્થાન મળે તે વધારે જરૂરી છે !

http://suratiundhiyu.wordpress.com/

પુસ્તકો મધની શીશી જેવાં હોય છે. મધમાખીની મહેનતમાં માણસનું મૅનેજમેન્ટ ભળે ત્યારે થોડું મધ શીશીમાં ઠલવાય છે. કલ્પના કરો કે એક શીશી મધ માટે કેટલી મધમાખીઓ કામે લાગતી હશે ? લેખકની કેટલીય રાતોની મહેનત પર પ્રકાશક ઇંડા સેવતી મરઘીની જેમ મહેનત કરે ત્યારે એક પુસ્તક તૈયાર થાય છે.

http://suratiundhiyu.wordpress.com/

આજની યુવા પેઢીને શાળામાં જ એ શીખવવા જેવું છે કે ભગવાનની મુર્તિ આગળ અગરબત્તી સળગાવવાને બદલે ઘરડાં મા-બાપના રૂમમાં કાચબા છાપ અગરબત્તી સળગાવશો તો વધારે પુણ્ય મળશે !

http://suratiundhiyu.wordpress.com/

ન બોલે તેને બોલાવજો, ન આવે તેને ઘરે જજો, રિસાય તેને રીઝવજો; અને આ બધું તેના ભલાને સારું નહીં, પણ તમારા ભલાને સારું કરજો. જગત લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ.-ગાંધીજી

http://suratiundhiyu.wordpress.com/

સઘળાં પાપોનું મૂળ એક જ છે: લોભ. એ બધાં પુણ્યોને નષ્ટ કરી દે છે. સૌથી મોટું કર્તવ્ય છે આત્મ-સંયમ. લોભ માણસને પાપ ભણી લઈ જાય છે, આત્મ-સંયમ માણસને મહાન ગૌરવ ભણી લઈ જાય છે.-મહાભારત

આ પૃથ્વીને પહાડોનો ભાર નથી લાગતો, સમુદ્રનો ભાર નથી લાગતો, મહાકાય તોતિંગ વૃક્ષોનો ભાર નથી લાગતો, એને જે ભાર લાગે છે તે તો છે માનવીના મનનો, જે બીજાનાં દુ:ખો જોઈને દ્રવતું નથી.-નૈષધ ચરિત્ર

http://suratiundhiyu.wordpress.com/

પોતાનું “મકાન” ઉભું કરવા માટે ઇંટ, રેતી, સીમેંન્ટ, મજૂરી અને બુધ્ધિપૂર્વકના પ્લાનીંગની જરુર પડે છે, તે જ રીતે સારું “ઘર” ઉભું કરવા, સંસ્કારી કુટુંબ સ્થાપવાની જરૂર પડે છે. સાચા પ્રેમની, ઉચ્ચ ભાવનાની, એકબીજાને આવકારવાની ભાવના, સાચા સાથ અને સંસ્કારી સથવારાની જરૂર પડે છે

http://suratiundhiyu.wordpress.com/

બીજાના દોષજોતા રહેવું તે તમારી નિર્બળતા છે. બીજાના સદ્‌ગુણો તરફ જોવાથી તમને સુખ અને શાંતિ જરૂર મળશે. આગળજ વધવું હોયતો યાદ રાખો,સદ્‌ગુણ, વિનય અને સેવા ઉત્તમ સાધનો છે. હઠીલાપણું , ઇર્ષા અને દોષારોપણ એ પીછેહઠ કરાવતાં પરિબળો છે

http://suratiundhiyu.wordpress.com/

લોકોના દિલ જીતાય છે પ્રેમથી,
ધાક-ધમકી કે દાદાગીરીથી નહી

રુપિયાના ઢગલા થાય છે નશીબથી,
ચોરી-ચાલાકી કે ગણતરીથી નહી

મોક્ષના દરવાજા ખુલે છે પ્રાર્થનાથી,
ટીલા-ટપકા કે દાન-ધર્માદાથી નહી

http://suratiundhiyu.wordpress.com/

સંસ્કારીતા,સહનશીલતા,ગુણ છે ખરા પરંતુ એનો અર્થ હરગીઝ એવો નથી થતો કે હંમેશ એક ડોરમેટ (પગલુછણીયું ) બનીને રહેવું.પગલુછણીયું મટી એક સ્વાભિમાનની જીદગી જીવતા શીખવું જ રહ્યું કારણ કેપગલુછણીયું ગમે તેટલું મોઘું હોય તો પણ કોઇ તેને હ્રદય સરસુ નથી રાખતું

http://suratiundhiyu.wordpress.com/

એવો કોઈ અક્ષર નથી કે જેમાં મંત્રશક્તિ ન હોય, વનસ્પતિનું એવું કોઈ મૂળીયું નથી કે જેમાં ઔષધશક્તિ ન હોય, એવો કોઈ માણસ નથી કે જે કોઈ કામનો ન હોય. પણ આ બધાનો યોગ્ય ઉપયોગ કરી શકે તેવા માણસ મળવા દુર્લભ છે

http://suratiundhiyu.wordpress.com/

ચંદન ઉપાડી લઈ જતો ગધેડો માત્ર બોજ ઉપાડી લઈ જતો હોય છે, ચંદન નહિ કેમકે ચંદન શું છે તેની તેને ખબર જ હોતી નથી તેમ ગોખણપટ્ટી કરી સમજ્યા વિના શાસ્ત્ર ભણી ગયેલા લોકો ગધેડાની માફક માત્ર જ્ઞાનનો બોજ ઉપાડી ફર્યા કરે છે

http://suratiundhiyu.wordpress.com/

આ જગતમાં બે જ પ્રકારનો લોકો સુખી છે. એક તો જે ખરેખર બુદ્ધિમાન છે, જેમની પાસે સાચું જ્ઞાન છે, સાચી સમજ છે. બીજા એવા લોકો કે જેઓ તદ્દન અબુધ છે, જેમની પાસે તલભાર અક્કલ કે સમજ નથી. દુનિયાના બધા દુ:ખનો ભાર આ બે વર્ગની વચ્ચે રહેલા લોકોએ ઉપાડવો રહે છે

http://suratiundhiyu.wordpress.com/

જે માણસ પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, સદાચાર નથી, ગુણ નથી, ધર્મ નથી એનું આ જગતમાં કામ શું છે ? આવા માણસો ધરતી માટે ભારરૂપ છે. ખરી રીતે જોતાં આ લોકો માણસનું રૂપ લઈ હરતા ફરતા પશુ છે

ખૂબ મહેનત કરીએ તો કદાચ રેતીમાંથી તેલ કાઢી શકાય, શક્ય છે કે તરસ્યો મુસાફરમૃગજળનું પાણી પી શકે, કદાચ ફરતાં ફરતાં કોઈ સસલાને માથે શિંગડાં ઊગેલા જોવા મળે પરંતુ ગમે તે કરવા છતાં મૂરખ માણસને ખુશ ન કરી શકાય

http://suratiundhiyu.wordpress.com/

દુર્જન માણસ વિદ્યાનો ઉપયોગ વિવાદ કરવા માટે, ધનનો ઉપયોગ અભિમાન કરવા માટે અને શક્તિનો ઉપયોગ બીજાને ત્રાસ આપવા માટે કરે છે. સજ્જનોનું તેથી ઊલટું વર્તન હોય છે. તેઓ વિદ્યા જ્ઞાન માટે, ધન દાન માટે અને શક્તિ રક્ષણ કરવા માટે ઉપયોગમા લે છે

http://suratiundhiyu.wordpress.com/

દરિયામાં વરસાદ પડે તે નકામો જાય.જેનું પેટ ભરેલું છે તેને ખવડાવવાનો કોઈ અર્થ નથી.જેની પાસે ધનના ઢગલા હોય તેને દાન આપવાથી શું વળે ?જ્યાં ખૂબ અજવાળું હોય ત્યાં દીવા ન સળગાવાય

http://suratiundhiyu.wordpress.com/

સ્વર્ગમાંથી ઉતરેલી પવિત્ર ગંગા શંકર ભગવાનની જટા પર પડે છે. ત્યાંથી હિમાલયના પહાડો પર અને પછી પડતી પડતી સપાટ મેદાનોમાં જઈ છેવટે સમુદ્રમાં વિલીન થઈ જાય છે. આમ ગંગા નદી એક વખત નીચે પડ્યા પછી વધુ ને વધુ નીચે પડતી જાય છે. એવું જ માણસોનું છે. એક વખત સાનભાન ચૂકો પછી તમારું સેંકડો રીતે અધપતન થાય છે

http://suratiundhiyu.wordpress.com/

દરિયાને માત્ર પાણી ભેગું કરતા આવડે છે બીજાને આપતા આવડતું નથી એટલે તેનું સ્થાન રસાતાળ ગયું છે. જુઓ પાણીનું દાન કરતાં વાદળા ભુવનમાં સર્વોપરી સ્થાને બેસીને કેવી ગર્જના કરે છે !

http://suratiundhiyu.wordpress.com/

પ્રિય વ્યક્તિનો વિયોગ, સ્વજન પાસેથી મળેલું અપમાન, ચૂકવવું બાકી રહેતું દેવું, ખરાબ માલિકની નોકરી અને ગરીબાઈના કારણે મિત્ર ખોઈ બેસવો એ પાંચ વસ્તુ એવી છે કે જે તમને અગ્નિ વિના સતત બાળતી રહે

ચંદનને ગમે તેટલી વાર ઘસો પણ તે દરેક વખતે મનોહર સુગંધ જ આપશે. શેરડીમાં ગમે તેટલાં કાપા મૂકો પણ દરેક વખતે તેનો રસ મીઠો ને મીઠો જ રહેશે, સોનાને ચાહે તેટલી વાર તપાવો પણ તેનો સોનેરી રંગ ઝાંખો પડશે નહિ. જે ઉત્તમ પ્રકૃતિ ધરાવતા હોય તેઓ મરી જાય પણ કદી પોતાની ઉત્તમ પ્રકૃતિને ન છોડે

http://suratiundhiyu.wordpress.com/

ચાણક્યનો ઉપદેશ છેઃ જીવનમાં દરેક પગલું જોઈ જોઈને મૂકવું. પાણી પીવું હોય તો ગાળીને પીવું. જે કંઈ બોલીએ તે સાચું છે કે નહિ તેનો વિચાર કરીને બોલવું અને જીવનમાં જે કંઈ કામ કરીએ તે આપણા મનને પૂછીને કરવા કે હું જે કંઈ કરું છું તે બરાબર છે કે નહિ

http://suratiundhiyu.wordpress.com/

ચાણક્યે સરળ ભાષામાં કહેલું સનાતન સત્યઃ જેનું સ્થાન આપણાં હૈયામાં અવિચળ હોય તે ભલે ગમે તેટલો દૂર હોય પણ તે કદી દૂર હોતો નથી. જેને માટે આપણા હૈયામાં કોઈ સ્થાન નથી તે ભલે આપણી સામે ઊભો હોય પણ તે દૂરનો દૂર જ રહે છે

http://suratiundhiyu.wordpress.com/

આપણે જે પ્રમાણે વિચારીએ તેવી જિંદગી બને છે માટે હમેશા સારું વિચારો.સમુદ્રનો છેડો નથી તેમ જિંદગીનો અંત નથી. આપણી સાથે કોઈ રહેવાનું નથી,સમુદ્રના મોજાની જેમ લોકો આપણી જિંદગીમાં આવશે અને જતા રહેશે,આપણી સાથે ફક્ત તેમની યાદોજ રહેવાની છે

http://suratiundhiyu.wordpress.com/

ભગવાને મનુષ્યનું સર્જન તેને પીડા કે દુ:ખી કરવા નથી કર્યું. જો એવું હોત તો એણે મનુષ્યના જન્મ પહેલાં એના દૂધની વ્યવસ્થા ન કરી હોત. જિંદગી દુ:ખી થવા માટે નથી. આ બધી પીડા તો આપણે જાતે જ ઊભી કરેલી છે

http://suratiundhiyu.wordpress.com/

તમારામાં અપાર શક્તિ છે, એને ઓળખવાની કોશિશ કરો. મુશ્કેલીઓનો સામનો કરવાનો એ જ ઉપાય છે. થોડી ધીરજ, હિંમત, વિશ્વાસ અને ઉત્સાહ રાખો, કપરાં સંજોગો પણ કાયમ કપરાં રહેતાં નથી, એ પણ વહી જવાના છે

**PRODUCE BY VIPUL DESAI**

**http://suratiundhiyu.wordpress.com/**

**desaivm50@yahoo.com**